





આવી ગયા દુઃખના દહાડા જીવવું નરસે છે,
દેખાતો નથી આધાર, સુખ તો લાંબે અરસે છે,
તરસે છે કાગડોળે હવે આ ખેડૂતની આંખો -
ભાર-અતિભારે કહે ત્યારે ઝરમર વરસે છે..




લાગે આઘાત,
સામુહિક મૃત્યુના -
હૃદય કઠોર..
(અકસ્માતો ની વણઝાર)

દેખાડે હવે
જંગલીયત પણું -
કરૂણામૂર્તિ..
(ટયૂશન શિક્ષીકાનો આતંક)

## ચિંતન

**સંયત્સુ મહતાં ચિત્તં ભવત્યુત્પલ કોમલમ્ । વિપત્સુ ચ મહાશૈલ શિલાસંઘાત કર્કશમ્ ॥**

'સંપત્તિ વખતે મહાપુરૂષોના મન-ચિત્ત-સ્વભાવ કમળ જેવા કોમળ થઇ જાય છે પરંતુ વિપત્તિ આવતાં અને તે સહન કરતાં - એ કપરા સમયમાં તેમનાં મન-હૃદય મોટા પર્વતની કઠોર શિલા જેવું થઇ જાય છે.'

મહાપુરૂષ-સંત સ્વભાવના-સજ્જન લોકો ધીરજવાન અને સત્ય-અસત્યનો વિવેક સમજનારા હોય છે. યોગ્ય સમયે યોગ્ય નિર્ણય કરનારા હોય છે જીવનમાં તાટસ્થ્ય ને સાચવનારા હોય છે આવા લોકોની પાસે જયારે ધન-સંપત્તિ આવે ત્યારે એ સમૃદ્ધિથી છક્કી-બ્હેકી જતાં નથી એટલે કે ધનનો મદ-અભિમાન આવતું નથી પણ ઉલ્ટું સામાન્ય રીતે હોય, એના કરતાં પણ વધારે નમ્ર કોમળ બની જાય છે.

અને એ જ ધનવાન-નમ્ર કોમળ સ્વભાવનો સજ્જન ને જયારે વિપત્તિ - આફત-મુશ્કેલી આવે ત્યારે ત્યારે એમનામાં આપોઆપ સહનશક્તિ અને હિંમત આવી જાય છે અને કઠણ સ્વભાવના થઇ જાય છે.

## સુવિચાર

- જીંદગી કોયલના ટહુકા જેવી છે, જે સંભળાય છે સહુને.. અને દેખાય છે કોક ને જ **- નૂફાત**
- ત્યાગ પોતાને રિક્ત કરવા માટે નહીં પોતાના પૂર્ણ કરવા માટે છે, ત્યાગ એ શૂન્યતા નથી અધિકારની પૂર્ણતા છે **- ટાગોર**
- અજબ યે જીંદગી, કૈદ હૈ હર ઇન્સાન.. રિહાઇ માંગતા હૈ ઔર રિહા હોને સે ડરતા હૈ **- ઓશો**
- ન થવું જોઇએ, ન થાય, જે અશક્ય છે, જે કયારેય નથી થયું એવા વિચારો ઉપર ધ્યાન ન આપવું **- એસ. ભટ્ટાચાર્ય**
- સિમિત સાધનો હોય, આગળ રસ્તો ન દેખાતો હોય છતાં પણ શ્રદ્ધા રાખી કામ કરવાની શરૂઆત કરી દેવી એટલે જ સફળતાની દિશામાં પ્રયાણ **- રૂઝવેલ્ટ**
- એવું થાય છે, જે સમજાતું નથી, જે સમજાય છે, તેવું કશું થતું નથી- **નસીર ઇસ્માઇલી**
- માણસ રંગીન સપનાં, ઉમંગો લઇને ઘેરથી જીંદગી ખરીદવા નીકળે છે, અને બજારમાં જીંદગીની કિંમત સાંભળે છે ત્યારે તેના છાતીમાં રણકતા તમામ સિક્કા નિરર્થક બની જાય છે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણે માળા કરીએ કે દેરાસર મંદિર દર્શન કરવા જઇએ પણ આપણું મન-ચિત્ત આપણી સાથે હોતું જ નથી એ તો કયાંકનું કયાંક ફરતું હોય - ચિંતામાં હોય કે આજના કામોમાં અટવાયું હોય - મન વગરની પ્રાર્થના 'ત્યાં' પહોંચતી નથી.

ગુરૂ નાનકદેવ નવાબ ત્યાં રોકાતા હતા. તે'દિ સર્વધર્મ સમભાવની વાતો થઇ હતી. એટલે નવાબે દાણો ચાંપી જોયો. નવાબ કહે, સાહેબજી આજ તમે પણ મારી સાથે નમાજ પઢવા ચાલો!

નાનકદેવ કહે 'તમે જો સાચા હૃદયથી નમાજ પઢશો તો હું પણ અલ્લાહની એવી રીતે જ ઇબાદત કરીશ.'

નમાજ શરૂ થઇ. બાદશાહનું અનુકરણ નાનકદેવ કરવા લાગ્યા. નવાબ અધ્ધખૂલ્લી આંખે નાનકદેવની ક્રિયા પણ જોઇ રહ્યા હતા.

નમાજ પૂર્ણ થઇ - નવાબે કહ્યું તમારું ચિત્ત નમાજમાં હતું જ નહીં. અને તેમને તો અનુકરણ કરતાં પણ આવડતું નથી.

નાનકદેવ કહે તમે બાડી આંખે મને જ જોતા હતા. તમે પણ કયાં ખરા દિલથી નમાજ પઢતા હતા! મેં તો તમને કહ્યું જ હતું કે હું તમારી નકલ કરીશ.' નવાબ ચૂપ થઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગાંધીનગરના જાણીતા લેખક, કવિ અને સમાજના વિવિધ ક્ષેત્રે સેવાકીય કાર્યોનાં અગ્રણી એવા ભાનુપ્રસાદ પુરાણીનાં અમૃતપર્વ પ્રસંગે 'મધપુડો સુરજવર્ણો' શિર્ષકથી અભિવાદન ગ્રંથ પ્રગટ થયો છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

**સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**● જયંત પાઠક સ્મૃતિદિનની ગદ્ય સભા દ્વારા ઉજવણી**

ભાવનગર ગદ્યસભાના ઉપક્રમે પ્રતિવર્ષ યોજાયા સ્મૃતિદિન અંતર્ગત આ વર્ષે 'ગદ્ય કાવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૪૯ જેટલી ગદ્યકાવ્ય રચનાઓ સમગ્ર ગુજરાતમાંથી સંસ્થાને મળી હતી. તે પૈકી પસંદ કરવામાં આવેલ કૃતિઓનાં સર્જકોને પોંખવાનો એક સુંદર કાર્યક્રમ તાજેતરમાં તા.૨૩ જૂલાઇ ૨૦૧૪ના બુધવારના રોજ ભાવનગરના બી.એમ. કોમર્સ હાઇસ્કૂલ સભાખંડ ઘોઘા સર્કલ ખાતે યોજાઇ ગયો.'

ઝરમર ઝરમર વર્ષાના વધામણાની સાથે જાણીતા સર્જકો સંસ્થાના પ્રમુખ ગંભીરસિંહ ગોહિલ, સંપાદક માય ડિયર જયુ, સુપ્રતિષ્ઠિત કવિ અને નિબંધકાર યજ્ઞેશ દવે, કવિ મનોહર ત્રિવેદી અને ગાંધીનગરથી ઉપસ્થિત રહેલ કવિ નટવર હેડાઉ દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમનો શુભારંભ થયો હતો. સંસ્થાના મંત્રી અજય ઓઝાએ સૌનું સ્વાગત કર્યું હતું. જયારે સંસ્થાના સંપાદક માય ડિયર જયુ એ સંસ્થાનો પરિચય આપી સંસ્થા દ્વારા યોજાતી સ્પર્ધાઓ અને અન્ય કાર્યક્રમોની વિસ્તૃત માહિતી આપી સૌને આવકાર્યા હતા. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત કવિ વિનોદ જોષી એ સાહિત્યમાં ગદ્ય અને પદ્ય રચનાઓની સાથે ગદ્ય કાવ્ય અંગે પોતાની વિભાનતા રજૂ કરી હતી. તે પછી કવિ નિબંદકાર યજ્ઞેશ દવેનો કૃતિલક્ષી પરિચય આપવામાં આવ્યો હતો. તેમજ મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગ પસંદગી પામેલ ગદ્યકાવ્યના સર્જકો રમણીક અગ્રાવત, નટવર હેડાઉ, હરીશ દેસાઇને પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા હતા. અને તેમની કૃતિઓનું પઠન પણ કરવામાં આવ્યું હતું. કવિ નટવર હેડાઉએ તેમનું ગદ્યકાવ્ય 'કુંડ વાવ એક અનુભૂતિ' નું પઠન કર્યું હતું તેમજ પોતાના સાહિત્ય સર્જક અને સાહિત્યિક પ્રવૃત્તિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

તે પછી કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહેલ કવિ અને નિબંધકાર યજ્ઞેશ દવે એ કાવ્ય અને હું વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું. તેમજ સ્વરરચિત કાવ્ય રચનાઓ રજૂ કરી હતી. જયારે સંસ્થાના અધ્યક્ષ ગંભીરસિંહ ગોહિલે અધ્યનીય પ્રવચન આપ્યું હતું. તેમજ જયંતભાઇ પાઠકના કુટુંબીજનો તરફથી આપવામાં આવેલ સહયોગ અને ૨૫,૦૦૦ની રકમના વિશેષ યોગદાન અંગે આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સંસ્થાના મંત્રી નટવર વ્યાસ દ્વારા ઉપસ્થિત સૌ સાહિત્ય સર્જકો અને ભાવકોના આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

**● શ્રી ગોવર્ધન પંચાલ શતાબ્દી મહોત્સવ**

ભારત નાટ્યશાસ્ત્ર અને સંસ્કૃત થિયેટર સ્થાપત્યના નિષ્ણાત પ્રો. ગોવર્ધન પંચાલનું જન્મ શતાબ્દીનું આ વર્ષ તા. ૨૬, ૨૭ જુલાઇના દિવસે એમનાં વિશ્વકોશ ભવન અને થિયેટર મીડિયા સેન્ટર અમદાવાદ ખાતે ઉજવાશે.

જેમાં બે દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્કૃત નાટ્ય અને ભવાઇ વિશેની ગોવર્ધન ભાઇની વિભાવના વિશે વિદ્વાનો અને રંગકર્મીઓનો સેમિનાર તેમજ એમની જીવન અને કાર્ય વિશેના હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં ત્રણ પુસ્તકો 'શ્રી ગોવર્ધન પંચાલ સ્મૃતિ વંદના' નું વિમોચન તથા એમનાં પુસ્તકો, સેટ ડિઝાઇનર અને તસ્વીરોનું પ્રદર્શન સાથે સાથે બે સંસ્કૃત નાટકોની પ્રસ્તુતિ અને તેમની અર્ધ પ્રતિમાનું અનાવરણ પણ થનાર છે.

સંસ્કૃત નાટકોની પ્રસ્તુતિ માટે થિયેટર મીડિયા સેન્ટર સ્ટુડિયો અને કેમ્પસમાં ગોવર્ધન પંચાલની વિભાવના પ્રમાણેના 'વિકૃષ્ટ મધ્ય નાટ્ય મંડપ' પરિસરમાં ઊભો કરવામાં આવશે તેમ જાણીતા નાટ્યવિદ હસમુખ બારાડી દ્વારા જણાવવામાં આવ્યું છે.

**● વાર્તાલેખન સ્પર્ધા**

ગુજરાતી ભાષામાં બાળકિશોર સાહિત્યમાં નવા લેખકો ઉત્તેજન આપવા માટે સળંગ કિશોર કથા માટેની વાર્તાલેખન સ્પર્ધા યોજવામાં આવી છે. આ વાર્તા સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક રૂા. ૫૧,૦૦૦ નું છે. જયારે બીજું અને ત્રીજું પારિતોષિક રૂા. ૨૫,૦૦૦ અને રૂા. ૧૧,૦૦૦ નું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા લેખતો એ ૨૯ ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં ૪૦,૦૦૦ થી ૫૦,૦૦૦ શબ્દોમાં પોતાની વાર્તાઓ લખીને ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ અમદાવાદને પોતાના સંક્ષિપ્ત પરિચય તેમજ ફોટા સાથે મોકલવાની છે.

**● અમૃત પર્વની ઉજવણી પ્રસંગે અભિવાદન ગ્રંથ**

ગાંધીનગરના જાણીતા લેખક, કવિ અને સમાજના વિવિધ ક્ષેત્રે સેવાકીય કાર્યોનાં અગ્રણી એવા ભાનુપ્રસાદ પુરાણીનાં અમૃતપર્વ પ્રસંગે 'મધપુડો સુરજવર્ણો' શિર્ષકથી અભિવાદન ગ્રંથ પ્રગટ થયો છે. જેમાં 'પ્રવૃત્તિનું પંચોતેરમું' શિર્ષકથી જાણીતા લેખક ડો. કેશુભાઇ દેસાઇ એ પ્રસ્તાવના લખી છે. જયારે 'આથમતો અજવાસ' રૂપે ભાનુભાઇ પુરાણીએ પોતાનું નિવેદન રજૂ કર્યું છે. તો 'અમૃતપર્વના આયોજકોને પ્રમાણ' રૂપે કેયુર પુરાણીએ આવકાર લેખ લખ્યો છે. તે સિવાય ભાનુભાઇના સંપર્કમાં હોય તેવા અને તેમની શિક્ષણ, સાહિત્ય અને સમાજસેવા પ્રવૃત્તિના સહયોગીઓ, મિત્રો, ચાહકો અને વિદ્વાન લેખકો તરફથી ભાનુભાઇને બિરદાવતા ૮૭ જેટલા લેખોના સમાવેશથી આ ગ્રંથ દળદાર અને ખુબ જ માહિતિપ્રદ બન્યો છે. ગ્રંથમાં ભાનુભાઇના કુટુંબના સભ્યોની તેમજ તેમનાં બચપણથી અત્યાર સુધીનાં જીવન પ્રવાહની ઝાંખી કરાવતી શ્વેતશ્યામ અને રંગીન તસ્વીરો મુકવામાં આવી છે. આ ગ્રંથનું સંપાદન સુ. પ્રજ્ઞા પટેલ, ભરત કવિ, નટવર હેડાઉ, કિશોર જીકાદરા અને મનોજ શુક્લ દ્વારા કરાયું છે. જેમાં પરામર્શકો તરીકે ડો. કેશુભાઇ દેસાઇ અને પ્રકાશ લાલા એ સેવાઓ આપી હતી.

આ પ્રસંગે લેખકના પ્રકાશિત સાહિત્યમાંથી પસંદ કરેલ કાવ્યો લેખોનું એક પુસ્તક ભાનુપ્રસાદ પુરાણી સ.દ. પોતે 'શિર્ષકથી પ્રગટ કરવામાં આવ્યું છે. જેમાં 'આનંદ ઉત્સવનું સુખત સંભારણું' રૂપે પ્રકાશ લાલાની પ્રસ્તાવના મળે છે. તેમજ 'ઉજળા અવસરની વેળાએ' ભાનુભાઇએ નિવેદન રજૂ કર્યું છે. તે સાથે લંડન સ્થિત એક વાંચકનો પત્ર' છલકાતી લાગણીની વાત' સ્વરૂપે મળે છે.

આ પુસ્તકમાં લેખકના કાવ્ય સંગ્રહ (૧) ટહુકાનું એકાંત (૧૯૭૬), માંથી ત્રણ કાવ્યો (૨) રોમ રોમ રણઝણે (૨૦૦૧) માંથી 'કાનજી મળે તો.., અમથું અથ્અથું અને તને ભાળું ને !' (૩) આપણી તો પંથીની જાત (૨૦૧૪) ચરણ ચલે ત્યાં ચાલે, દીવો કેમ કરી પ્રગટાવું, કોની આગળ કહું, શબદ સુણાવો, મેં માગ્યું તું..., ચકી-ચકાની ખીચડી, કાળદેવતાને..., ગોપીની વ્યથા, શમણામાં શરણાઇ, ગોકુળીયું ગામ નોંખુ લાગે, કાવ્યોનો સમાવેશ કરાયો છે. તેમજ લેખકની પ્રવાસકથાના પુસ્તક 'સલામ સીડની' (૨૦૦૮) માંથી બ્યુ માઉન્ટેન, તરોંગા ઝૂ, જેનોલોન કેવ્સ સિડની, પોર્ટ ફિશ એમ્પોરિયમ, પામ બીચ જેવાં ખુબ જ રસપ્રદ પ્રકરણો મુકવામાં આવ્યા છે.

લેખકના સ્મૃતિ લેખોના પુસ્તક સ્મરણ વીથિકા (૨૦૧૨) માંથી પણ છ જેટલાં લેખોનો આ પુસ્તકમાં સમાવેશ કરાયો છે. જેમાં સ.દ. પોતે, વચન વછોયો, પિતૃતર્પણ, આંતર વલોણું, અશ્રુધરમાં એકરાત, સાંભળશે સથવારો ખુબ જ વાંચન ક્ષમ અને લાગણીસભર સ્મૃતિઓની કથા માણવાલાયક છે. પુસ્તકમાં છેલ્લે લેખક વિશે 'સાધના' સાપ્તાહિકમાં રજૂ થયેલ અભિપ્રાય ઉપરાંત યશવંત મહેતા, જય ગજ્જર, વરિષ્ઠ સાહિત્યકાર મહોમ્મદ માંકડ પદ્મશ્રી પ્રવીણ દરજીના અવતરણો પણ મુકવામાં આવ્યો છે. જે દ્વારા ભાનુભાઇ પુરાણીની સાહિત્યક પ્રતિભાના દર્શન થાય છે.

**કાવ્યસેતુ**

જીભ પરના રાગ છે, ના દ્વેષ છે,
હોઠ પર બસ સ્મિતનો સંદેશ છે,
છે અષાઢી આંખમાં દીવાનગી,
વીજનો ઝબકાર પણ હંમેશ છે.
ઉજળાઇ એમનો ઉદ્દેશ છે,
ઉચ્ચત્તમ ને આગવો ઉન્મેષ છે,
ખાણમાંથી રત્ન શોધી કાઢતા,
છે ખજાનામાં ઘણા અવશેષ છે.
એમ ઘૂંટે સ્નેહની લિપિ સતત,
ચિત્તમાં ના ખરખરો કે ક્લેશ છે,
મ્હેકથી વાતાવરણને તર કરે,
સૌમ્ય સૌરભ વહેંચતો દરવેશ છે.
શબ્દના અજવાસને પ્રસરાવતા,
દિવ્યગણ જેવા જ દૂરંદેશ છે,
પાનખર એટલે તો સ્પર્શી નથી,
છમ્મલીલા છાંયડાનો વેશ છે.

**- હસમુખ શાહ 'બેઝાર સુલ્તાનપુરી'**

# શિક્ષણ જો મુક્તિને બદલે બંધન આપતું હોય તો એના સ્વરૂપને બદલવું જ રહ્યું, સમાજના ઘણા શુભચિંતકો કામે લાગ્યા છે, સમુદ્રમંથન ચાલુ છે, હળાહળ વિષ પછી અમૃત જરૂર પ્રગટશે એવી આશા છે

## શિક્ષણધર્મ

**- હર્ષદ પ્ર. શાહ**

આજે બેસતો મહિનો. શ્રાવણ જેવા ધર્મ-પર્વોની શૃંખલા લઈને આવતા મહિનાનું ભારતીય પ્રજા ધર્મભાવની પ્રબળતાથી સ્વાગત કરતી હોય છે. આ મહિનામાં સમાજજીવનમાં શ્રધ્ધા - આસ્થાનો ભાવ પ્રભાવી રહેતો હોય છે.

આજે મને શિક્ષણ અને ધર્મને જોડવાનો વિચાર આવ્યો છે. કેટલાકને આવું જોડકું ન પણ ગમે! પણ, જો કેટલીક સંજ્ઞાઓને વિશેષ દૃષ્ટિકોણથી મૂલવવામાં આવે તો સંભવ છે કે એની મહત્તા પણ સમજાય અને એનો સ્વીકાર પણ થાય.

'શિક્ષણ અને ધર્મ' એવું કહેવાને બદલે 'શિક્ષણધર્મ' કહી એના સમાસનો પ્રકાર સંદત્તર બદલી નાખીએ તો કેવું? હવે 'શિક્ષણધર્મ' શબ્દ સાંભળતાં કેવા ભાવ ઉદ્ભવે છે? કદાચ વિચારવાની દિશા જ બદલાઈ જશે!

પરંતુ 'શિક્ષણધર્મ' ત્યારે જ સમજાય જયારે 'ધર્મ' સમજાય. ધર્મ એટલે કર્મકાંડ નહીં, ધર્મ એટલે કર્તવ્ય. ધર્મ એટલે કેવળ ઈશ્વરભક્તિ જ નહીં, ઈષ્ટભક્તિ પણ. ઈષ્ટની આરાધના કઠિન છે, ઈષ્ટની આરાધના કઠિન છે, અનિષ્ઠનું વળગણ સહજ છે. ઈષ્ટ, અનિષ્ઠ, નીતિ, અનીતિ, ન્યાય-અન્યાય વગેરે બધાંના મૂળમાં તો છેવટે ધર્મ સમાયેલો છે.

જેને ધારણ કરી શકાય તે ધર્મ.
જેનાથી જીવનનો મર્મ સમજી શકાય તે ધર્મ.
જેથી મદદથી સત્કર્મ આચરી શકાય તે ધર્મ.
જે સાધ્ય - સાધન વિવેક સમજાવે છે તે ધર્મ.
આમ, ધર્મ એક એવું પરિબળ છે જે જીવન રૂપી મહાસાગરમાં દીવાદાંડી જેવું કામ કરે છે.
ધર્મ જીવન જીવવાની દિશા ચીંધે છે.
ધર્મ જીવનની શૈલીને સમુન્નત બનાવે છે.

પણ, પ્રચલિત અર્થમાં આપણે ત્યાં ધર્મ એટલે ઉપાસના પદ્ધતિ - એવું સમજવામાં આવે છે. સર્વસામાન્ય માનવ-સમુદાય ધર્મની ઉચ્ચ પરિભાષાઓ સમજે એવું ન પણ બને, એવી અપેક્ષા પણ ન રાખી શકાય.

અને તેથી વિદ્યાર્થીને યોગ્ય ઉંમરે, એટલે કે ૧૦-૧૨ વર્ષની ઉંમરે ધર્મની પ્રચલિત પરિભાષાનો ખ્યાલ આપીને 'ધર્મ' એ મત-પંથ-સંપ્રદાયથી શી રીતે ભિન્ન છે એની સમજ આપવી જોઈએ.

સ ધારયતિ ઈતિ ધર્મ : । અને
યતો અભ્યુદય - નિઃશ્રેયસ સિદ્ધિઃ સ ધર્મઃ ।

જેવું ધર્મ વિષયક ઊંડાણ પશ્ચિમના તત્ત્વજ્ઞાનમાં નથી. તેથી એમના શબ્દકોશ પ્રમાણે 'ધર્મ એટલે ()' એ સાચા અર્થમાં ધર્મને પ્રમાણિક કે વ્યાખ્યાયિત કરી શકશે નહીં, હા, () એટલે 'ઈશ્વરભક્તિ', 'ઈશ્વરમાં આસ્થા' જેવા અર્થો શબ્દકોશમાં છે, પરંતુ તેમ છતાં ધર્મને કર્તવ્યના રૂપે સ્વીકારવાનું એ સમજાવી શક્તા નથી. મહદંશે () એટલે મત-પંથ-સંપ્રદાય-ઉપાસના પદ્ધતિ એવું સમજવામાં આવે છે... પણ, એ બધું 'ધર્મ' નથી. વળી ધર્મ અને સંપ્રદાય એ બંને પણ જુદી અર્થછાયા ધરાવે છે.

ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો ભેગ સમજવો જ રહ્યો. જે શબ્દનો માનવે સર્વાધિક દુરપયોગ કર્યો છે તે શબ્દ છે 'ધર્મ.' એના એણે ભાવે તેવા અર્થ કર્યા. કયાંક એનો ઉપયોગ એણે સ્વાર્થ માટે કર્યો તો કયાંક પરમાર્થ માટે. કયાંક એણે ધર્મના નામે શ્રદ્ધા જગાડી તો કયાંક અંધશ્રદ્ધા.

વાસ્તવમાં ધર્મ ઈશ્વરને ઓળખવાનું પ્રથમ ચરણ છે. શ્રેષ્ઠ આચરણનું નામ ધર્મ છે, એ કોઈ ક્રિયા-વિધિનું નામ નથી. માળા કરવી, ધૂપ-દીપ કરવા, મંદિરોના ગર્ભગૃહમાં પ્રતિષ્ઠિત મૂર્તિની આરતી ઉતારવી એવી બધી પ્રક્રિયાઓ અને ક્રિયાવિધિનું નામ 'સંપ્રદાય' હોઈ શકે... પણ એ તો ધર્મશિખર પર જવાની સીડી હોઈ શકે. સંપ્રદાય ધર્મશિખર ન હોઈ શકે. સંપ્રદાય સાધન છે, ધર્મ સાધ્ય. આમ એ બંને સંજ્ઞાઓને સારી પેઠે સમજવી જોઈએ.

ધર્મ એ સત્યનો પર્યાય છે. તેને અસત્ય સાથે કોઈ સંબંધ નથી. તેને સંકીર્ણતા, અસહિષ્ણુતા કે પક્ષપાત સાથે પણ ન જોડી શકાય. તેને કોઈ આદેશના સ્વરૂપે પણ પ્રસ્તુત ન કરી શકાય, ધર્મ તો સતત છે, સર્વકાલિક છે, સાર્વદેશિક છે. અને પ્રત્યેક માટે ઉપલબ્ધ છે. જે રીતે સૂર્યપ્રકાશ દરેક માટે છે તેમ ધર્મ દરેકને માટે છે.

પશ્ચિમે ધર્મનાં સંદર્ભમાં જે ચિંતન કર્યું તે ચિંતન ભયની ઉપજ હતી. એમાંથી જ રિલિજિયન અને મજહબ જેવા શબ્દો જનમ્યા. એ સંપ્રદાયપ્રધાન ચિંતન છે. એ ચિંતનના નિષ્કર્ષ રૂપે જે અવધારણા બની એ કોઈને કોઈ વ્યક્તિવિશેષ કે ગ્રંથવિશેષ સાથે જોડાઈ.

પશ્ચિમ ધર્મને 'બહિર્મુખી ચેતના'ના સ્વરૂપે જુએ છે જયારે ભારત ધર્મને 'અંતર્મુખી ચેતના'ના સ્વરૂપે. પશ્ચિમ ધર્મને સમજવા માટે તર્ક અને વિજ્ઞાનનો આશ્રય લે છે. જયારે ભારત ધર્મને સમડવા માટે શ્રદ્ધા અને જ્ઞાનનો આશ્રય લે છે.

ધર્મ પોતાની સૂક્ષ્મતા છોડી કયારેય સામૂહિક સ્વરૂપ ધારણ કરી શકતો નથી. ધર્મ વ્યક્તિગત રીતે જ ધારણ કરી શકાય. સામૂહિકતામાં પ્રવેશ કરતાંની સાથે જ ધર્મ પોતાનો મૌલિક સ્વભાવ ગુમાવી દે છે અને માત્ર કર્મકાંડ બનીને રહી જાય છે. સામૂહિકતામાં પ્રવેશ કરતાં જ ધર્મ અનુષ્ઠાન, રીતરિવાજ, રૂઢિઓ અને વિશેષ પ્રકારની આસ્થા સાથે જોડાઈ જાય છે. અને તે સાથે તેનું સ્વરૂપ બદલાઈ જાય છે. આ સ્થિતિમાં ધર્મ પોતાનું વાસ્તવિક સૌંદર્ય અને પોતાનો વાસ્તવિક અર્થ બંને ગુમાવી બેસે છે. આવો 'રૂપાંતરિત ધર્મ' સમાજને નાના - નાના ટુકડામાં વહેંચે છે અને સાંપ્રદાયિક રૂપ ધારણ કરે છે. આ બધું આધ્યાત્મિક ચેતનાના જાગરણમાં સહાયક ન બનતાં વ્યક્તિને સંકીર્ણ અને અનુદાન બનાવવાનું વિપરીત કાર્ય કરે છે.

ભારતનો માનવ જો ધર્મ અને સંપ્રદાય બરાબર ઓળખી લે તો સંભવ છે કે ધર્મની ધાર્મિકતા પ્રબળ બને અને સંપ્રદાયની સાંપ્રદાયિકતા ધર્મને પામવાનું સબળ સાધન બને. બંને એકબીજાના પૂરક બની રહે એના જેવું ઉત્તમ કંઈ નહીં. એમાં જ ભારતને વિવિધતામાં એકતાનો સાક્ષાત્કાર થઈ શકે. સંપ્રદાયને નબળાઈ બનવા દેવાને બદલે એ ધર્મપ્રાપ્તિનું સબળ સાધન બની રહે એ જ શ્રેયસ્કર છે. પણ એવું ત્યારે જ બને કે ધર્મ અને સંપ્રદાય બંને વિભાવનાઓ નાનપણથી જ આપણાં વિદ્યાર્થીઓનાં મનમાં સ્પષ્ટ થાય. અને, સંપ્રદાયની સાચી સમજણમાંથી સાંપ્રદાયિકતાના સ્થાને સાચી બિનસાંપ્રદાયિકતા પ્રગટે. સહિષ્ણુતા અને સહજીવનનો આધાર સમજ બની શકે.

ધર્મની વાર્તા આપણે આટલી બધી કરી તેમાંથી હવે એ સમજવું જરાય અઘરું ન હોઈ શકે કે ધર્મનાં કર્તવ્યરૂપ વિભિન્ન સ્વરૂપો આવાં પણ કોઈ હોઈ શકે - મિત્રધર્મ, પાડોશી ધર્મ, પત્ની ધર્મ, પતિધર્મ, સમાજધર્મ, શિક્ષકધર્મ, રાષ્ટ્રધર્મ વગેરે. આ બધા પ્રકારના ધર્મોનું પાલન મનુષ્યને શ્રેષ્ઠત્વ તરફ દોરી જાય છે, પૂર્વશરત એટલી જ કે એનો આધાર સાત્ત્વિક હોય.

શિક્ષકધર્મનું મહત્ત્વ સવિશેષ છે કારણ કે એની અસરો ઘણી વ્યાપક છે. શિક્ષકનું પાયાનું કર્તવ્ય છે મનુષ્યનિર્માણ. એ પ્રક્રિયામાં ક્ષતિ ઉત્પન્ન થાય તો સમગ્ર સમાજને, રાષ્ટ્રને અને સૃષ્ટિને હાનિ પહોંચે છે. શિક્ષક જ્ઞાનનો વાહક છે, માનવચેતનાને ઉર્ધ્વગામી બનાવનાર ચાલકબળ છે. વળી એ સમાજની શ્રદ્ધાનું કેન્દ્રબિંદુ પણ છે. તેથી એની ગરિમા જળવાય એ બહુ મહત્વનું છે. શિક્ષકત્વ એ વ્યવસાય નહીં વ્રત છે, ઉચ્ચ પ્રકારની સાધના છે.

શિક્ષણ સમાજ પરિવર્તનનું પ્રભાવી સાધન છે, પણ કયારે?
- જયારે એ અધિકારની સાથે જવાબદારી નિભાવવાં પણ શિખવાડે,
- જયારે એ સ્વતંત્રતાની સાથે સંયમપૂર્ણ વ્યવહાર આચરતાં પણ શિખવાડે,
- જયારે એ 'સ્વ'ના અસ્તિત્વને ટકાવવા માટે 'સર્વ'માં વિલીન થઈ જતાં શિખવાડે.

પાણી એવો જ રંગ પકડી લે છે કે જેવા રંગની માટી પરથી એ વહેતું હોય છે. વ્યક્તિ એવા જ વિચારો ધરાવતી થઈ જાય છે કે જેવું શિક્ષણ એને મળતું હોય છે.

આચાર્યવિજય રત્નસુંદરસૂરિ કહે છે -
''વિદ્યાનાં મોતી ચરનારો રાજહંસ એનું જ નામ વિદ્યાર્થી''
... અને વિદ્યાનાં આવા સાચાં મોતીનું સર્જન શિક્ષકે કરવાનું છે.
રત્નસૂંદરસુરિ આગળ કહે છે -
''જેનાથી તમને મુક્તિ, તૃપ્તિ અને મસ્તીની ત્રિપુટી હાથવગી રહે એવું નામ વિદ્યા.''

પણ કમનસીબી એ છે કે વર્તમાન શિક્ષણ લઈને જગતના બજારમાં પ્રવેશતા યુવાનોમાં મુક્તિના સ્થઆને સ્વચ્છંદતા, તૃપ્તિના સ્થાને ભયંકર અતૃપ્તિ અને મસ્તીના સ્થાને નિરાશા, હતાશા અને ઉદ્વેગ જોવા મળી રહ્યા છે.

(અનુસંધાન પાના નં. ૬૫૨)

# આપણે નાગરીક ધર્મ બજાવવામાં કયાં કયાં ઉણા ઉતરીએ છીએ?

## ચેતનાનો સમય

**પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ**

તાજેતરમાં કર્ણાટક વિધાન પરિષદ કમિટિએ આપેલ રીપોર્ટ અન્વયે સ્કુલ કોલેજોમાં રેપની ઘટનાઓ બનવા પાછળનું કારણ વિદ્યાર્થીઓ દ્વારા મોટા પાયે ઉપયોગમાં લેવાતા મોબાઇલનું છે. મોબાઇલ દ્વારા વિદ્યાર્થીઓને પરેશાન કરાય છે. તેના મોબાઇલમાં ક્લીપીંગ (ફોટા) લઇ તેનું બ્લેક મેઇલીંગ થાય છે. મોબાઇલ દ્વારા એકબીજા સાથે પરિચય વધારી પાછળ આ પરિચયનો ગેરલાભ ઉઠાવી વિદ્યાર્થીનીઓ ઉપર સામૂહિક બળાત્કાર થાય છે. મોબાઇલના વ્યાપક ઉપયોગથી શિક્ષણ સંસ્થાઓનું વાતાવરણ બગડી રહ્યું છે. સદર કમિટિએ શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે મોબાઇલ લાવવા ઉપરજ પ્રતિબંધ મુકવાની ભલામણ કરે છે. વિદ્યાર્થીઓનાં વાલીઓએ આ બાબતમાં કડક વલણ અપનાવી તેઓનાં સંતાનોને શિક્ષણ સંસ્થામાં મોબાઇલ લઇ જવા ઉપર મનાઇ કરવાની તેઓનાં જ હિતમાં જરૂર છે.

બીજી એક બાબત નાગરીક ધર્મ નિભાવવા બાબતે આપણે ઉણા ઉતરીએ છીએ.

આજે મોબાઇલની જેમ શિક્ષણ સંસ્થાઓમાં તેમજ શેરીએ શેરીએ બિલાડીની ટોપની જેમ ઉગી નીકળેલા ટ્યુશન કલાસીસમાં છોકરાછોકરીઓ દ્વિચક્રી વાહો જેવાકે લ્યુના, સ્કુટી, સ્કુટર, બાઇકનો વ્યાપક રીતે ઉપયોગ કરે છે અને વિદ્યાર્થીઓ બેફામ રીતે વાહનો ચલાવે છે અને ગંભીર અકસ્માતો સર્જાય છે.

વિદ્યાર્થીઓ પાસે આર.ટી.ઓ. લાયસન્સ પણ હોતા નથી. અને માબાપ પોતાના સંતાનોને વાહનો આપીને તેઓની જીંદગી બગાડી રહ્યા છે. ધૂમ સ્ટાઇલથી ચલાવતા વાહનો રાહદારીઓને પણ તકલીફો પહોંચાડતા હોય છે.

ત્રીજી આપણે નાગરીક ધર્મ બજાવવામાં ઊણા ઉતરીએ એવી એક બાબત કચરો જયાં ત્યાં ફેંકવાની બાબત છે. મ્યુનિસિપાલિટીએ વિવિધ જગ્યાએ કચરાપેટીઓ રાખી છે પણ લોકો કચરાપેટી સુધી જવા માટે શ્રમ ઉઠાવતા નથી અને રસ્તામાં ખુલ્લી જગ્યાએ જયાં ત્યાં કચરો ફેંકે છે.

ચોથું નાગરીકો દ્વારા પાણીનો વ્યાબક બગાડ કરાતો હોય છે. ઘરમાં નળ ખુલ્લો રાખી કપડાં વાસણ સાફ કરાય છે. ઉપરાંત ટાંકીઓમાં પાણી ઉભરાઇને બહાર રસ્તા પર ફેલાય છે. પાણીનો બગાડ કરવો આપણને પોચાય તેમ નથી. આપણે પાણી પુરવઠો સમયસર ના મળે કે અધૂરો મળે તો બુમબરાડા પાડીએ છીએ અને સ્થાનિકતંત્રો ઉપર પસ્તાળ પાડીએ છીએ પણ ઘરમાં અને બહાર ટાંકામાંથી ઉભરાતા પાણી માટે ધ્યાન આપતા નથી.

પાંચમું આજકાલ ચોરીનું પ્રમાણ વધી ગયું છે ત્યારે પોલીસ દ્વારા નિયમ બહાર પડાયા છે કે ઘરનાં રામાઓની વિગત ફોટા સાથે પોલીસ સ્ટેશને આપવી ફરજીયાત છે. પણ કોઇ આ નિયમનું પાલન કરવા તૈયાર નથી. ચોરી થાય તો પોલીસતંત્રો ઉપર પસ્તાળ પાડીએ છીએ.

છઠ્ઠુ એ છેકે આપણે નાગરીકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતાં નથી અને અકસ્માત સર્જાય તો પોલિસતંત્રો ઉપર પસ્તાળ પાડીએ છીએ. ટ્રાફિક નિયમોનું પાલન નહીં કરનારા ઉપર પોલીસતંત્રો ત્રાટકે ત્યારે આપણે તંત્રો ઉપર પસ્તાળ પાડીએ છીએ.

સાતમું શાક માર્કેટમાં ખાસ કરીને પાટનગરની સેક્ટર-૨૧ની શાકમાર્કેટમાં ગાયો ઘુંસી આવે છે અને શાકભાજી ફ્રુટવાળાના શાકભાજી અને ફ્રુટ ઉપર તરાપ મારે છે અને નાગરીકોને ગાયો પરેશાન કરે છે પણ શાક વેચનારાઓ ગાયોને શાકમાર્કેટમાં પ્રવેશતી રોકવા માટે ચિંતા કરતાં નથી. આપણે નાગરીક તરીકેની ફરજો બજાવવામાં ઉણા ઉતરીએ છીએ પણ નાગરીક તરીકેના હકો અધિકારો માટે બળાપા કાઢતા રહીએ છીએ. હકોની સાથે ફરજો પોણ બજાવવી જોઇએ.

આવી તો અનેક બાબતો છે કે જેમાં આપણે નાગરીક ધર્મ બજાવવામાં ઉણા ઉતરીએ છીએ. જેવો રાજા તેવી પ્રજા ને બદલે જેવી પ્રજા તેવો રાજા. પ્રજા પોતે જ નાગરીક ધર્મ બજાવવામાં ઉણી તરતી હોય પછી પ્રજાના પ્રતિનિધિઓ પણ જેવી પ્રજા તેવા તેના પ્રતિનિધિઓ હોય છે. સ્થાનિક મ્યુનિસિપાલીટીના સત્તાધીશોએ જાગ્રત નાગરીકો સાથે મસલત કરી એક યાદી તૈયાર કરવાની જરૂર છે કે નાગરીકો તેના નાગરીક ધર્મ બજાવવામાં કયાંક તો ઉણા ઉતરે છે!